‘ चम्पूभारतम् ’- એક સમીક્ષાત્મક અધ્યયન

[રૂપરેખા]

સંસ્કૃત આચાર્યોએ ‘ગદ્યપદ્યમય’ કાવ્યને ચમ્પૂકાવ્યની સંજ્ઞા આપી છે. આ ચમ્પૂકાવ્યમાં મહાભારતની કથાને સંક્ષિપ્તરૂપે બાર સ્તબકોમાં ગૂંથીને કવિ અનન્તભટ્ટે રચેલું ‘चम्पूभारतम्’ કાવ્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ રચનાને “કવિઅનન્તભટ્ટ કૃત ‘चम्पूभारतम्’ – એક સમીક્ષાત્મક અધ્યયન” એ શીર્ષક હેઠળ મહાનિબંધના વિષય તરીકે પસંદ કરીને સંશોધનકાર્ય રજૂ કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

પ્રસ્તુત મહાનિબંધને આઠ પ્રકરણો અને ચાર પરિશિષ્ટોમાં રજૂ કર્યો છે.

પ્રકરણ – ૧

કવિ પરિચય

- **કવિ અનન્તભટ્ટનું જીવન -**

‘ चम्पूभारतम् ’ના રચયિતા અનન્તભટ્ટ વિષે સંસ્કૃત સાહિત્યના અન્ય કવિઓની જેમ પૂર્ણ માહિતી પ્રાપ્ત નથી. પરંપરા અનુસાર કવિ અનન્તભટ્ટ અભિનવ કાલિદાસના પ્રતિસ્પર્ધી હતા. તેમણે સ્વકીય કાવ્યના આરંભે કે કાવ્યના અંતે પણ પોતાના વિષે કોઈ જ માહિતી આપી નથી.

- **કવિ અનન્તભટ્ટનો સમય -**

અભિનવ કાલિદાસ સાથે સ્પર્ધાના સંદર્ભમાં કવિઅનન્તભટ્ટે ભાગવતચમ્પૂની રચના કરી છે. અભિનવ કાલિદાસનો સમય ૧૧મી સદી છે. તદનુસાર કવિ કાલિદાસના પ્રતિસ્પર્ધી અનન્તભટ્ટ પણ ૧૧મી સદીમાં થઈ ગયા હોવાનું પ્રતીત થાય છે.

- **કવિ અનન્તભટ્ટનું કવન -**

કવિ અનન્તભટ્ટકૃત 'चम्पूभारतम्' માં 'મહાભારત'ની કથા સંક્ષિપ્ત સ્વરૂપે બાર સ્તબકોમાં ૧૦૪૧ શ્લોકો તથા ૨૦૦ ગદ્યખંડો સમગુંફિત થયા છે. 'મહાભારત'ની દીર્ઘકથા અંતર્ગત પાંડુરાજાના જન્મવૃત્તાંતથી યુધિષ્ઠિરના રાજ્યાભિષેક પર્યંતની કથા પ્રસ્તુત કરી છે. કવિની બીજી કૃતિ 'भागवतचम्पू' ઉપલબ્ધ થતી નથી.

- **કવિ અનન્તભટ્ટની વિદ્વતા -**

' चम्पूभारतम्' ના પરિશીલનથી જ્ઞાત થાય છે કે કવિ અનન્તભટ્ટ મહાભારતના અભ્યાસી હતા. આ સાથે આ કાવ્યમાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણો, મહાકાવ્યો, વ્યાકરણશાસ્ત્ર, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર તથા વેદાંતશાસ્ત્ર સંબંધી કવિ અનન્તભટ્ટની બહુમુખી પ્રતિભા આવિર્ભાવ પામતી જણાય છે.

- **કવિ અનન્તભટ્ટની ભક્તિભાવના -**

અધ્યેય કાવ્યના મંગલાચરણમાં કવિએ જ્ઞાનના દેવતા ગણપતિની સ્તુતિ કરીને ભાવકોના અજ્ઞાનને દૂર કરવા માટે યાચના કરી છે, જે કવિ અનન્તભટ્ટની ગણેશ પ્રત્યેની ભક્તિભાવના તાદૃશ કરે છે. કિરાતવેશધારી શિવે

પોતાના સ્વરૂપને પ્રગટ કર્યું ત્યારે અર્જુને શિવની સ્તુતિ કરી જે કવિને શૈવભક્ત તરીકે પ્રતિપાદિત કરે છે.

પ્રકરણ - ૨

‘ चम्पूभारतम् ’ નો પ્રતિપાદ્ય વિષય અને તેની સમીક્ષા

સામાન્ય રીતે ચમ્પૂ કવિઓએ વર્ણન વિષયો અને વસ્તુની પસંદગી માટે રામાયણ, મહાભારત, ભાગવત અને પુરાણો ઉપર પસંદગી ઉતારી છે. વિષયપસંદગી, નિરૂપણ, વર્ણન વગેરે બધી જ બાબતોમાં ચમ્પૂ કવિઓએ કોઈ જ બંધન ન સ્વીકારતાં પૂર્ણ સ્વતંત્રતા માણી છે. ચમ્પૂકાવ્યોનો સંબંધ જેટલો શૈલી સાથે છે, એટલો વિષય સાથે નથી. આ ચમ્પૂકાવ્યમાં મહાભારતનું કથાનક સંક્ષેપમાં સમગુંફિત થયું છે, તેથી પ્રકૃત ચમ્પૂકાવ્યનું કથાવસ્તુ પ્રસિદ્ધ છે. પાંડુરાજાના જન્મવૃતાંતથી યુધિષ્ઠિરના રાજ્યાભિષેક પર્યંત મહાભારતની કથામાં ચિત્રાંગદાનું વતન, અર્જુનની ધ્વજા ઉપર હનુમાનનું ચિત્ર, જરાસંધના હાથે કૃષ્ણનો ૧૮ વખત પરાજય, યુધિષ્ઠિરને પકડવા ચક્રવ્યૂહને બદલે પદ્મવ્યૂહની રચના જેવા પરિવર્તનો સિવાય આ ચમ્પૂભારત મહાભારતને અનુસરે છે. અહીં આશ્રમવાસી, મહાપ્રાસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વની કથા આલેખાઈ નથી. આમ, મૂળ કથાનકના કતિપય પ્રસંગોને કવિએ ગ્રહણ કર્યા નથી.

દ્વાદશ સ્તબકોમાં ગૂંથાયેલા 'चम्पूभारतम्' નું કથાવસ્તુ નીચે પ્રમાણે છે:

પ્રથમ સ્તબકમાં પાંડુરાજાના જન્મથી મૃત્યુ પર્યંતની કથા તથા પાંચ પાંડવોના જન્મની કથા વર્ણવવામાં આવી છે. દ્વિતીય સ્તબકમાં કૌરવ-પાંડવોનો વિદ્યાભ્યાસ, લાક્ષાગૃહનો પ્રસંગ તેમજ અર્જુને કરેલ મત્સ્યવેધનનું વર્ણન પ્રસ્તુત છે. તૃતીય સ્તબકમાં દ્રૌપદી સાથે પાંડવોનું હસ્તિનાપુરમાં આગમન, અર્જુનની તીર્થયાત્રા, સુભદ્રાહરણ તથા ખાંડવવનદહન પર્યંતનું કથાવસ્તુ રજૂ થયું છે. ચતુર્થ સ્તબકમાં રાજસૂયયજ્ઞ, જરાસંધવધ, શિશુપાલવધ, ધૃતક્રીડા, દ્રૌપદીવસ્ત્રાહરણ, પાંડવોનો વનવાસ તેમજ અર્જુનને શિવ દ્વારા પાશુપતાસ્ત્રની પ્રાપ્તિની કથા રજૂ થઈ છે.

પાંચમા સ્તબકમાં અર્જુનનું સ્વર્ગાગમન, દ્વૈતવનમાં ગાંધર્વો દ્વારા દુર્યોધનને બંદી બનાવવું, યુધિષ્ઠિર દ્વારા દુર્યોધનની મુક્તિ, કર્ણ દ્વારા ઇન્દ્રને કવચ-કુંડલનું દાન, યુધિષ્ઠિર દ્વારા ધર્મદર્શન વગેરે પ્રસંગનું નિરૂપણ થયું છે. છઠ્ઠા સ્તબકમાં પાંડવોનો અજ્ઞાતવાસ, કીચકવધ, દુર્યોધન પ્રેષિત સુશર્મા દ્વારા વિરાટની ગાયોનું હરણ તથા ભીમનું સુશર્માને બંદી બનાવવું અને યુધિષ્ઠિર દ્વારા કરવામાં આવેલી સુશર્માની મુક્તિની કથા વર્ણવવામાં આવી છે. સાતમા સ્તબકમાં દુર્યોધનનું વિરાટનગર પર પુનઃઆક્રમણ, અર્જુનનો વળતો પ્રહાર, ગાયોની મુક્તિ, ઉત્તરા સાથે અભિમન્યુના વિવાહ તથા અજ્ઞાતવાસની સમાપ્તિની કથા પ્રસ્તુત થઈ છે. આઠમા સ્તબકમાં કૌરવ-પાંડવો દ્વારા યુદ્ધની

તૈયારી, શ્રીકૃષ્ણવિષ્ટિ તથા કુંતીની કર્ણ પાસે યાચના વગેરે પ્રસંગો નિરૂપિત થયા છે.

નવમા સ્તબકમાં કૌરવપક્ષે સેનાપતિ તરીકે ભીષ્મની નિયુક્તિ અને પાંડવપક્ષે ધૃષ્ટદ્યુમ્નની વરણી, સંમોહિત અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણનો શાશ્વત ગીતોપદેશ તથા દસ દિવસના યુદ્ધના અંતે બાણશય્યાધીન ભીષ્મની વેદના વર્ણવાઇ છે. દસમાં સ્તબકમાં કૌરવપક્ષે સેનાપતિ દ્રૌણ દ્વારા પદ્મવ્યૂહની રચના, અભિમન્યુનો વધ, અર્જુન દ્વારા જયદ્રથવધ, કર્ણ દ્વારા ઘટોત્કચવધ તથા ધૃષ્ટદ્યુમ્ન દ્વારા થયેલ દ્રૌણાચાર્યનો શિરચ્છેદ વગેરે વૃત્તાંત વર્ણવાયાં છે. અગિયારમા સ્તબકમાં કૌરવપક્ષે સેનાપતિ તરીકે કર્ણની નિયુક્તિ, દુ:શાસનવધ તથા કર્ણવધનું કથાનક રજૂ થયું છે. બારમા સ્તબકમાં યુધિષ્ઠિર દ્વારા સેનાપતિ શલ્યનો વધ, ભીમ દ્વારા દુર્યોધનવધ, ધૃતરાષ્ટ્રનો સંતાપ, પિતામહ ભીષ્મનો યુધિષ્ઠિરને નીતિવિષયક ઉપદેશ તથા અશ્વમેધયજ્ઞના વર્ણનની સાથે આ કાવ્યનું સમાપન થયું છે.

પ્રકરણ – 3

‘ चम्पूभारतम् ’ કાવ્યનું સાહિત્યસ્વરૂપ

ચમ્પૂ-એ કાવ્યના શૈલીગત વર્ગીકરણ પ્રમાણે મિશ્રકાવ્યમાં આવે છે. સંસ્કૃત આલંકારિકોએ ‘ચમ્પૂ’ની આ પ્રમાણે વ્યાખ્યાઓ આપી છે:

(૧) गद्यपद्यमयं काचिच्चम्पूरित्यभिधीयते |

(દંડી-કાવ્યાદર્શ ૧/૩૧-છઠ્ઠી સદી)

(૨) मिश्रं चम्पूरिति ख्यातम् |

(અગ્નિપુરાણ ૩૨૬/૩૦)

(૩) याडख्यायिकेव सोच्छ्वासा गद्यपद्यमयी |

सा दमयन्तीवासवदत्तादिरिहोच्यते चम्पूः ||

(ભોજદેવ-૧૧મી સદી)

(૪) गद्यपद्यमयी साङका सोच्छ्वासा चम्पूः |

(હેમચંદ્ર-કાવ્યાનુશાસન ૮, ૧૨મી સદી)

આમ, આલંકારિકો અને ચમ્પૂ કવિઓએ ચમ્પૂ અને ચમ્પુ બંને શબ્દો સ્ત્રીલિંગમાં પ્રયોજ્યા છે. જેમાં ગદ્યપદ્યના મિશ્રત્વ ઉપર વધુ ઝોક અપાયો છે. ભોજદેવે આખ્યાયિકા સાથે સરખાવી આખ્યાયિકાના કાવ્ય સ્વરૂપ સાથે તેનું સામ્ય નોંધ્યું છે અને ઉચ્છ્વાસમાં વિભાજન પ્રમાણ્યું છે. હેમચંદ્રાચાર્ય સોચ્છ્વાસની સાથે સાંકા કહી ચમ્પૂને દૃશ્ય અને શ્રાવ્ય કાવ્ય ગણવા તરફ દિશાસૂચન કરે છે. કવિ અનન્તભટ્ટે 'चम्पूभारतम्' કાવ્યને ચમ્પૂકાવ્ય સ્વરૂપે પ્રસ્તુત કર્યું છે. સંસ્કૃત આલંકારિકોએ ચમ્પૂકાવ્યના નિર્ધારિત કરેલાં લક્ષણો અધ્યેય કાવ્યમાં પરિલક્ષિત થાય છે.

- **વિભાજન –**

અલંકાર ચૂડામણિની संस्कृताभ्यां गद्यपद्याभ्यां रचिता अभिप्रायेण चान्वङ्कानि स्वनाम्ना परनाम्ना वा कविः करोति तैर्युकता उच्छवासनिबद्धा चम्पूः | વ્યાખ્યામાં પોતાના કે બીજાના નામે ઉચ્છ્વાસમાં ગદ્યપદ્યમય શૈલીમાં રચાયેલું પદ્યરચના કાવ્ય છે. સમાન્યતઃ ચમ્પૂકાવ્ય ઉચ્છ્વાસોમાં વિભાજીત હોય છે. આમ છતાં ચમ્પૂ કવિઓ તેને વળગી રહ્યા નથી. ક્યારેક કથાની માફક

પ્રકરણમાં વિભાજન ન થયું હોય તો ક્યારેક ઉચ્છ્વાસ, આશ્વાસ, અંક, લંબક, તરંગ, બિંદુ વગેરે પ્રકરણાભિધાન જોવા મળે છે. પ્રકૃત 'चम्पूभारतम्' કાવ્યને કવિ અનન્તભટ્ટે ૧૨ સ્તબકોમાં વિભાજીત કર્યું છે.

- **ગદ્યપદ્યમયતા –**

(૧) गद्यपद्यमयं काव्यं चम्पूरित्यभिधीयते |
(વિશ્વનાથ-સાહિત્યદર્પણ ૬/૩૩૬; વિદ્યાનાથ–પ્રતાપરૂદ્ર યશોભૂષણ ૧૪મી સદી)

(૨) गद्यपद्यात्मकं काव्यं चम्पूरित्यभिधीयते |
(શ્રીકૃષ્ણ- મંદારમરન્દ ચમ્પૂ- ૧૬મી સદી)

गद्य - पद्य - मयी – कथा – જે કથા ગદ્ય અને પદ્ય બંનેમાં રચાઇ હોય તેને ચમ્પૂ કહેવામાં આવે છે. ગદ્યપદ્યના મિશ્રણ દ્વારા અનુપમ ચમત્કૃતિ, પ્રાસાદિકતા અને માધુર્ય નિષ્પન્ન કરવાનું ચમ્પૂકવિઓએ ખાસ સ્વીકાર્યું છે. ચમ્પૂમાં ગદ્યપદ્યનું મિશ્રત્વ અગત્યનું છે પણ તેના પ્રમાણ વિષે ચમ્પૂકવિઓ સ્વતંત્ર રહ્યા છે. કોઈ વિશેષ ભાવોની અભિવૃદ્ધિ માટે, કથાનકના સંક્ષિપ્તીકરણ માટે અથવા કોઈ મહત્વપૂર્ણ ભાવ કે વિચારને અધિક પ્રભાવોત્પાદક બનાવવા માટે ચમ્પૂકાવ્યમાં પદ્યનો પ્રયોગ થાય છે. અધ્યેય ચમ્પૂકાવ્યમાં પણ કવિ અનન્તભટ્ટે ગદ્ય-પદ્યનું સંમિશ્રણ કર્યું છે. તેમ છતાં ૧૦૪૧ શ્લોકો પ્રયોજી પદ્યના પ્રયોગ પર વિશેષ ભાર મૂક્યો છે.

- **ચમત્કૃતિ -**

ચમત્કૃતિમાં કાવ્ય સૌંદર્યનું દર્શન છે. મમ્મટાચાર્યે કવિસૃષ્ટિને બ્રહ્મસૃષ્ટિ કરતા ચડિયાતી કહી છે, તેનું કારણ પણ કાવ્યની ચમત્કૃતિ જ છે. આથી ચમત્કૃતિ તો કાવ્યમાત્રનું સામાન્ય લક્ષણ ગણાય. પરંતુ ચમ્પૂમાં

ચમત્કૃતિને સાદ્યંત જાળવવાનો સભાન પ્રયત્ન કરવામાં આવે છે. આ માટે કાન્તિ, પ્રસાદ, શ્લેષ વગેરે કાવ્ય ગુણોનો આશ્રય લેવામાં આવે છે. ચમત્કૃતિ માટેનો વિશેષ પ્રયત્ન આહ્લાદકનું વિશિષ્ટ લક્ષણ બને છે. આથી જ ચમ્પૂમાં આલંકારિક કૃત્રિમ શૈલી ઘણીવાર જોવા મળે છે. તો ઘણીવાર સરળ ગદ્યપદ્યમાં પણ ચમત્કૃતિ પ્રગટ થાય છે. નલ ચમ્પૂમાં વનદર્શન, હંસપ્રસંગ વગેરે પ્રસંગોમાં આ માટે સભાન પ્રયત્ન જણાઈ આવે છે. અધ્યેય કાવ્યમાં પણ દ્રૌપદી સ્વયંવર, અર્જુનનું સ્વર્ગાગમન વગેરે પ્રસંગોમાં સ્વાભાવિક ચમત્કૃતિ પ્રતિપાદિત થતી જોવા મળે છે.

- **ગતિ -**

चपि गत्याम् । એ ચમ્પૂની વ્યુત્પત્તિ અનુસાર ગતિ તેની એક વિશિષ્ટતા બનતી હોવાથી, ગદ્ય-પદ્ય, રીતિ, રસ, એક સાહિત્યિક સ્વરૂપથી અન્ય સાહિત્યિક સ્વરૂપ, શાસ્ત્ર, ચર્ચાના કોઈ વિષય તરફ ગતિ અપેક્ષિત છે. એટલું તો ચોક્કસ કે આ ગતિ રસક્ષતિ ન પહોંચાડે તે કવિએ જોવું રહ્યું. ગતિથી વાચકની માનસિક તાણ, કંટાળો અને એકરૂપતામાંથી મુક્તિ થાય છે. ચમત્કૃતિ, કાવ્યાહ્લાદ માણવા વાચક સતત તત્પર રહે છે. આવી મુક્તગતિ અન્ય સાહિત્યિક પ્રકારમાં જોવા મળતી નથી. પ્રકૃત કાવ્યમાં પણ કવિ અનન્તભટ્ટે ગતિની લયબદ્ધતા જાળવી છે.

- **આશ્વાસન -**

પ્રાંજલ ગદ્ય અને કૃત્રિમ આલંકારિક શૈલી વાચકને શ્રમિત કરે ત્યારે તેને આશ્વાસનની જરૂર રહે છે. ચમ્પૂની વ્યુત્પત્તિઓમાં चप् નો સાંત્વના અર્થ જોતાં ચમ્પૂકવિ વાચકને વખતોવખત આશ્વાસન મળી રહે તેવી રીતિ અપનાવે છે. ગદ્ય, ઊર્મિ-ભાવની અભિવ્યક્તિ, કૃત્રિમગદ્ય, પ્રલંબ વાક્યરચના,

વિશેષણોની ભરમાળ આદિમાંથી વાચક છુટકારો અનુભવે છે. પરિશ્રમ દૂર થતાં વાચક ઉચ્છ્વાસ મૂકે છે, આશ્વાસ અનુભવે છે, તેનું મન કલ્લોલ કરે છે. આવાં પરિવર્તનો ચમ્પૂકાવ્યોમાં અમુક ચોક્કસ અંતરે સમયસર આવે તે જરૂરી છે. અધ્યેય કાવ્યમાં કવિએ વ્યાસ, વિદુર, શ્રીકૃષ્ણ વગેરેના પ્રસંગો યોજીને અનેક આશ્વાસનો પ્રયોજ્યાં છે.

- **સ્વરૂપહીનતા -**

ચમ્પૂની મહત્વની લાક્ષણિકતા તેની સ્વરૂપહીનતા છે. ચમ્પૂમાં મુક્તશૈલીમાં પ્રયોગો થયા છે. સામાન્યત: એમ માનવામાં આવે છે કે સંસ્કૃત કવિઓ સંસ્કૃત સાહિત્યિક સ્વરૂપોના લક્ષણોને ચુસ્ત રીતે વળગી રહે છે. પરંતુ ચમ્પૂને લાગે વળગે છે ત્યાં સુધી ચમ્પૂ એ સ્વરૂપહીન મુક્તશૈલીનો સાહિત્યિક પ્રકાર છે. અધ્યેય કાવ્યમાં પણ કવિ અનન્તભટ્ટ ચમ્પૂકાવ્યની મહત્વની લાક્ષણિકતા સ્વરૂપહીનતાને અનુસરે છે.

- **રસ -**

ચમ્પૂકાવ્યોમાં સામાન્યત: શૃંગાર, વીર કે કરુણ રસને અંગીરસ બતાવાય છે. પરંતુ ચમ્પૂકવિઓ આ બાબતમાં સ્વતંત્ર રહ્યા છે. અલબત ચમ્પૂકાવ્યમાં મોટે ભાગે રસ વૈવિધ્યની સાથે રસના સંમિશ્રણનું કૌશલ અપેક્ષિત બતાવ્યુ છે. અધ્યેય કાવ્યમાં અંગીરસ તરીકે ધર્મવીર રસનો પરિપોષ થયો છે. નાયક યુધિષ્ઠિરના વ્યવહારમાં પદે પદે આપણને ધર્મ્યતાના દર્શન થાય છે. સાથે યુદ્ધવીર, દાનવીર, દયાવીર, રૌદ્રરસ, અદ્‌ભૂતરસ, બીભત્સરસ, શાંતરસ વગેરેનો પણ ગૌણ રસ તરીકે આવિષ્કાર કરીને કવિ અનન્તભટ્ટે કથાનકને ભાવવાહી સરસ બનાવ્યું છે.

આ પ્રમાણે કવિ અનન્તભટ્ટકૃત 'चम्पूभारतम्' કાવ્ય ચમ્પૂકાવ્ય તરીકે પરિગણના પામ્યું છે.

પ્રકરણ – ૪

'चम्पूभारतम्'- કાવ્યગત પાત્રસૃષ્ટિ

પ્રકૃત ચમ્પૂકાવ્યમાં મહાભારતની જ પાત્રસૃષ્ટિ પરિલક્ષિત થાય છે. અધ્યેય કાવ્યમાં મુખ્ય નાયક તરીકે યુધિષ્ઠિરનું પાત્રાંકન થયું છે. ચંદ્રવંશી ધર્મવીર, શાસ્ત્રજ્ઞાતા, દક્ષ, વિનમ્ર, ઉદાર, ત્યાગી, દાનવીર, પ્રજાવત્સલ, કર્તવ્યપરાયણ, ભ્રાતૃપ્રેમી, યુદ્ધવીર, ધીરોદાત્ત નાયક તરીકે યુધિષ્ઠિરનું ચરિત્ર પોતાની આંતરિક ગુણસંપત્તિને લીધે આપણને ભાવાભિભૂત બનાવે છે. મહાભારત અંતર્ગત નિરૂપિત પરાક્રમી યોદ્ધા ભીમના ચરિત્રાંકનમાં કવિ અનન્તભટ્ટે પરિવર્તન કર્યું નથી. ઝળહળતું ક્ષાત્રતેજ ધરાવતો, ધર્મપરાયણ, ભ્રાતૃસ્નેહી, પુત્રવત્સલ, યુદ્ધવીર, અર્જુનનું પાત્રાંકન પ્રશસ્ય છે. યુધિષ્ઠિરાદિ પ્રત્યે ભ્રાતૃભાવના ધરાવતા નકુલ-સહદેવ યુદ્ધભૂમિમાં પરાક્રમી યોદ્ધા તરીકે રજૂ થયા છે. આ કાવ્યમાં મુખ્ય નાયિકા દ્રૌપદી સ્વીયા નાયિકા તરીકે પ્રસ્તુત થઈ છે. અદ્વિતીય દેહલાવણ્ય ધરાવતી, સચ્ચરિત્રા, પુત્રવત્સલા, આદર્શ હિન્દુનારી દ્રૌપદીનું વ્યક્તિત્વ ભાવકને આનંદ અર્પનારું બની રહે છે.

પાંડુરાજા ક્ષાત્રતેજસંપન્ન, કુશળ ધનુર્ધર, પરાક્રમી, ધાર્મિક છે. વિષ્ણુ ભગવાનના અવતાર શ્રીકૃષ્ણ ધર્મની સ્થાપના કરનાર પાંડવોના સહાયક બન્યા છે. અર્જુનનો પુત્ર અભિમન્યુ વીર યોદ્ધા તરીકે પ્રસ્તુત થયો છે. યુદ્ધભૂમિમાં પાંડવોની સેનાના અધિપતિ ધૃષ્ટદ્યુમ્ન અપ્રતિમ યોદ્ધા તરીકે પોતાનું સામર્થ્ય દર્શાવે છે.

આ કાવ્યમાં પ્રતિનાયક તરીકે અંકિત દુર્યોધન ધીરોદાત્ત, પાપી, દુર્ગુણી, ઇર્ષ્યાળુ છે. 'મહાભારત'માં નિરૂપિત પુત્રમોહી ધૃતરાષ્ટ્રના ચરિત્રાંકનમાં કવિ અનન્તભટ્ટે પરિવર્તન કર્યું નથી. યુદ્ધભૂમિમાં કૌરવપક્ષે રહીને અદ્વિતીય

પરાક્રમ દર્શાવતા ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય વિશેષિત થયા છે. દુર્યોધન પ્રત્યે મિત્રસ્નેહ ધરાવતા કર્ણનું અત્યંત શૌર્ય કવિ અનન્તભટ્ટે તાદશ કર્યું છે. દુર્યોધનનો બનેવી જયદ્રથ કામી વૃત્તિવાળો છે. પિતા દ્રોણાચાર્ય પ્રત્યે અનન્ય આદરભાવ ધરાવતો, વીર યોદ્ધો અશ્વત્થામા, પાંડવોના ખરા હિતેચ્છુ વિદુર, દ્યુતમાં કપટ આચરીને પાંડવોને વનવાસરૂપી દુ:ખની ગર્તામાં ધકેલી દેનાર શકુનિ વગેરે પાત્રોની સાથે માદ્રી, હિડિમ્બા, બકરાક્ષસ, ઉલૂપી, ચિત્રાંગદા, સુભદ્રા, સંજય, ધૌમ્યઋષિ, યક્ષરાજ, કીચક, વિરાટરાજા, ઉત્તર, શિખંડી, ઘટોત્કચ, સાત્યકિ, ભૂરિશ્રવા, કૃતવર્મા, સુશર્મા, ભગદત્ત, દુ:શાસનાદિ પણ ગૌણ પાત્રો તરીકે અંકિત થયા છે.

પ્રકરણ – ૫

'चम्पूभारतम्' - કાવ્યનું સાહિત્યિક મૂલ્યાંકન

કાવ્યના ઘટક તત્ત્વો અલંકારો, છંદ, ગુણ, રીતિ, રસ, ધ્વનિ, વક્રોક્તિ વગેરે દ્વારા કાવ્ય આસ્વાદ્ય બનતું હોય છે. જેનો યથોચિત નિર્વાહ કવિએ 'चम्पूभारतम्' માં કર્યો છે. આ કાવ્યમાં પરિલક્ષિત મર્યાદાઓ પણ નોંધવામાં આવી છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં અલંકારસૃષ્ટિ -**

કવિએ ભાવપક્ષની સાથે કલાપક્ષને પણ ધ્યાનમાં લઈને અન્ત્યાનુપ્રાસ, લાટાનુપ્રાસ ઇત્યાદિ શબ્દાલંકારોનો સમુચિત વિનિયોગ કરીને શાબ્દી ચમત્કૃતિ સાધી છે. તથા ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અર્થાન્તરન્યાસ, અતિશયોક્તિ, દૃષ્ટાંત, સ્વભાવોક્તિ, વ્યતિરેક વગેરે અર્થાલંકારોના પ્રયોગ દ્વારા

કાવ્યમાં આર્થી ચમત્કૃતિ આણી છે. કવિ અનન્તભટ્ટે અધ્યેય કાવ્યમાં વિવિધ અલંકારોનો સુભગ સમન્વય સાધ્યો છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં છંદવૈવિધ્ય -**

અધ્યેય કાવ્યમાં કવિએ ઇન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, વસંતતિલકા, માલિની, શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાન્તા, સ્રગ્ધરા વગેરે છંદોને લક્ષણો અનુસાર ગણ બંધારણથી વિભિન્ન બંધોથી યુક્ત કરીને કાવ્યગત વિવિધ ભાવોને ગૂંથી લઈને કાવ્યના કથયિતવ્યને લયબદ્ધ કર્યું છે, જે કાવ્યમર્મજ્ઞો માટે આહ્લાદક બની રહે છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં રીતિનિરૂપણ –**

પ્રકૃત કાવ્યમાં માધુર્યગુણયુક્ત વૈદર્ભીરીતિનો મુખ્ય રીતિ તરીકે પ્રયોગ થયો છે. સાથે કાવ્યમાં ગૌડી તથા પાંચાલીરીતિનું પણ ગૌણ ભાવે સુંદર નિદર્શન થયું છે.

बुभुक्षते न जीवन्तां मारितामेव मां नृपः |
कल्याणं खलु तत्तस्य कडकभावमृतोऽघुना || ૬/૪૭

ઉપર્યુક્ત શ્લોકમાં માધુર્યગણના વ્યંજક વર્ણો 'रि', 'उक', વિદ્યમાન છે. તથા અલ્પસમાસનો નિર્વાહ થયો છે. જે વૈદર્ભીરીતિને પ્રતિપાદિત કરે છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં ગુણવિવેચન –**

અધ્યેય કાવ્યમાં પ્રધાન અંગીરસ ધર્મવીરરસ, અલ્પસમાસ અને મધ્યમસમાસયુક્ત રચના પ્રધાનપણે માધુર્યગુણને અભિવ્યંજિત કરે છે. સાથે કાવ્યમાં ઓજસગુણ અને પ્રસાદગુણનો ગૌણ ભાવે નિર્વાહ થયો છે.

एवं को वाऽपराघ्नोत्यभुमविगणयन्बाहुमत्रेति घुष्यन्

व्यक्तोरोरक्तरेखाकृतबिरुदजगद्धातुकत्वप्रशस्तिः |

क्रोशन्मर्त्योङ्गखादत्वरणपरिचलत्सृक्क लग्नास्थिदण्ड

स्थूले दंष्ट्रे दघानः पवनभुवमभि प्राद्रवद्यातुघानः || २/५०

ઉપર્યુક્ત શ્લોકમાં ઓજસગુણના વ્યંજક વર્ણો ' क्र ', ' क्क ' વિદ્યમાન છે, તથા દીર્ઘસંઘટના દ્વારા બીભત્સરસનો પરિપોષ થયો છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં રસાવિષ્કાર –**

આ કાવ્યમાં અંગીરસ તરીકે ધર્મવીરરસનો આવિષ્કાર થયો છે. તો શૃંગાર, કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદભૂત અને શાંતરસનો ગૌણ રસ તરીકે પરિપોષ થયો છે. વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોના સમન્વયથી નિષ્પન્ન થયેલા વિભિન્ન રસ રસમર્મજ્ઞોના હૃદયને આહ્લાદકતા અર્પે છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં ધ્વનિ કાવ્ય –**

વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થનું પ્રાધાન્ય ધરાવતા જે કતિપય ધ્વનિકાવ્યો આ કાવ્યમાં પ્રાપ્ત થાય છે, તે અત્યંત રમણીય છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં ગુણીભૂત વ્યંગ્ય કાવ્ય –**

વ્યંગ્યાર્થ કરતાં વાચ્યાર્થ અતિશયતા ધરાવતો હોય, તેવા મધ્યમ કાવ્યો પ્રકૃત કાવ્યમાં ચમત્કૃતિજન્ય છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં ચિત્રકાવ્ય -**

આ કાવ્યમાં અનુપ્રાસાદિ વિવિધ શાબ્દી અલંકારોનું પ્રાધાન્ય ધરાવતા શબ્દચિત્રકાવ્યનું નાદમાધુર્ય ચારુત્વપૂર્ણ બની રહે છે. સાથે ઉપમા,

ઉત્પ્રેક્ષાદિ આર્થી અલંકારોનું પ્રાધાન્ય ધરાવતા અર્થચિત્રકાવ્યોનું અર્થમાધુર્ય સહૃદયને પરિતોષ પમાડે તેવું છે.

- **'चम्पूभारतम्' - કાવ્યમાં મર્યાદાઓ -**

કવિ અનન્તભટ્ટે અધ્યેય કાવ્યમાં મૂળ કથાનક મહાભારતના કતિપય પ્રસંગોને ત્યજી દીધા છે. કેટલાક વૃત્તાંતો સંક્ષેપમાં રજૂ કર્યા છે, તેથી કાવ્યમાં કેટલીક જગ્યાએ કથાસાતત્ય જળવાતું નથી, અતઃ સંવિધાનગત શિથિલતા પરિલક્ષિત થાય છે. સાથે પાત્રગતદોષ, પદગતદોષ અંતર્ગત શ્રુતિકટુત્વ, ક્લિષ્ટત્વ, નિરર્થકત્વ, વાક્યગતદોષ અંતર્ગત શ્રુતિકટુત્વ, ક્લિષ્ટત્વ, ન્યૂનપદત્વ, અધિકપદત્વ, રસદોષમાં રસની સ્વશબ્દવાચ્યતા, સ્થાયીભાવની સ્વશબ્દવાચ્યતા, પુનઃ પુનઃ રસદીપ્તિ, અલંકારગતદોષમાં ઉપમાગતદોષ, ઉત્પ્રેક્ષાગતદોષ પરિલક્ષિત થાય છે. રસનો નામ દઈને ઉલ્લેખ ન થવો જોઈએ, તથાપિ અધ્યેય કાવ્યના પ્રથમ સ્તબકમાં કવિ અનન્તભટ્ટે ' शृङ्गाररसाः ' શબ્દ પ્રયોજ્યો છે, જે કવિની મર્યાદા જણાય છે. પ્રસ્તુત કાવ્યમાં દરેક પાત્રને વિકસિત થવાની પૂરતી તક મળી નથી. કવિને પૂરતો અવકાશ હોવા છતાં, પ્રત્યુત્પન્નમતિત્વ ધરાવતા હોવા છતાં મૂળ કથાનકમાં તેઓ વધુ પરિવર્તન કરી શક્યા નથી કે મૌલિક પ્રસંગો યોજી શક્યા નથી. એટલા ઉપરથી એમ કહી શકાય કે કવિએ ચમ્પૂશૈલીને જ મહત્વ આપ્યું છે. ભાવપક્ષ કરતાં કલાપક્ષને પ્રાધાન્ય આપ્યું છે જે સહૃદય ભાવકને સાલે છે.

પ્રકરણ – ૬

'चम्पूभारतम्' - કાવ્યમાં પ્રકૃતિ નિરૂપણ

અધ્યેય કાવ્યમાં તીર્થસ્થાનો, નદીઓ, પર્વતો, આશ્રમસ્થાનોનું વર્ણન અને તેની કાવ્યમાં ઉપાદેયતાનો અભ્યાસ રજૂ થયો છે.

પ્રકરણ – ૭

'चम्पूभारतम्' - કાવ્યમાં સમાજદર્શન

આ કાવ્ય અંતર્ગત તત્કાલીન સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ અને પુરુષાર્થ ચતુષ્ટયની વિભાવના પ્રસ્તુત થઈ છે.

પ્રકરણ – ૮

ઉપસંહાર

કવિ અનન્તભટ્ટકૃત 'चम्पूभारतम्' કાવ્યના સમગ્ર અભ્યાસના નિષ્કર્ષરૂપે તારણો તથા ફળશ્રુતિ દર્શાવેલ છે. પ્રસ્તુત કાવ્યમાં આપણી ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો જાળવી રાખનાર એવા મહાકાવ્ય મહાભારતની કથાને સંક્ષેપમાં રજૂ કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

આ સાથે મહાભારતના વિવિધ પાત્રોને પણ યથોચિત ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે.

વીરરસના પ્રાધાન્ય સાથે કરુણ, રૌદ્ર, ભયાનક, અદભૂત આદિ રસનો આવિષ્કાર કરીને આ કૃતિને આસ્વાદ્ય બનાવી છે. વિવિધ શબ્દાલંકારો, અર્થાલંકારો, છંદ, ગુણ, રીતિ, રસ, ધ્વનિ, વક્રોક્તિથી સમન્વિત આ કાવ્ય સહૃદયને પરિતોષ આપનારું બની રહે છે.

આ કાવ્યમાં કતિપય મર્યાદાઓ અને દોષ પરિલક્ષિત થતા હોવા છતાં અધ્યેય કાવ્ય સહૃદય ભાવકને માટે તદ્વિદાહ્લાદકારી બની રહે છે.

મહાનિબંધના અંતમાં સંશોધનાર્થે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ રજૂ કરી મહાનિબંધનું કાર્ય સમાપન કર્યું છે.

પરિશિષ્ટ – ૧ 'चम्पूभारतम्' અંતર્ગત અલંકારોની સૂચિ.

પરિશિષ્ટ – ૨ 'चम्पूभारतम्' કાવ્યમાં પ્રયોજાયેલા છંદોની સૂચિ.

પરિશિષ્ટ – ૩ 'चम्पूभारतम्' અંતર્ગત વિચારત્નો.

પરિશિષ્ટ – ૪ સંસ્કૃત સાહિત્યમાં પ્રકાશિત ચમ્પૂકાવ્યો.

સંદર્ભગ્રંથસૂચિ.

સ્થળ : વલસાડ

તારીખ : ૧૭ - ૭ - ૨૦૧૪

હરેશ પટેલ

અધ્યેતા

માર્ગદર્શક

ડૉ. શોભનાબેન સોલંકી

સંસ્કૃત વિભાગ

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ,

વલસાડ.